


પુસ્તક ૧ લું.] શુક્લ પ્રતિપદ્દા : માર્ગશીર્ષ, વીર સંવત ૨૪૬૭. [દ્વિતિયાંક.

No 057517 L0 53.13



શ્રીમદ્ પન્યાસ[illegible]રત્નવિજયજી મહારાજ.

તંત્રી :
લક્ષ્મીચંદ પ્રેમચંદ શાહ.

પ્રકાશક
ભોગીલાલ સાંકલચંદ શેઠ.

## પંચાંગ.

વદ ૧૨ ક્ષય

| તિથિ | વાર | તારીખ |
| --- | --- | --- |
| સુ૧ | શનિ | ૩૦ |
| ૨ | રવિ | *૧ |
| ૩ | સોમ | ૨ |
| ૪ | મંગળ | ૩ |
| ૫ | બુધ | ૪ |
| ૬ | ગુરૂ | ૫ |
| ૭ | શુક્ર | ૬ |
| ૮ | શનિ | ૭ |
| ૯ | રવિ | ૮ |
| ૧૦ | સોમ | ૯ |
| ૧૧ | મંગળ | ૧૦ |
| ૧૨ | બુધ | ૧૧ |
| ૧૩ | ગુરૂ | ૧૨ |
| ૧૪ | શુક્ર | ૧૩ |
| ૧૫ | શનિ | ૧૪ |
| વ૧ | રવિ | ૧૫ |
| ૨ | સોમ | ૧૬ |
| ૩ | મંગળ | ૧૭ |
| ૪ | બુધ | ૧૮ |
| ૫ | ગુરૂ | ૧૯ |
| ૬ | શુક્ર | ૨૦ |
| ૭ | શનિ | ૨૧ |
| ૮ | રવિ | ૨૨ |
| ૯ | સોમ | ૨૩ |
| ૧૦ | મંગળ | ૨૪ |
| ૧૧ | બુધ | ૨૫ |
| ૧૩ | ગુરૂ | ૨૬ |
| ૧૪ | શુક્ર | ૨૭ |
| ૦)) | શનિ | ૨૮ |

*ડીસેમ્બર

# વિષય-દર્શન.

## માર્ગશીર્ષ, વિ. સં. ૧૯૯૭.


| વિષય. | લેખક. | પૃષ્ઠ |
| --- | --- | --- |
| ધર્મવિકાસી સુમન-[કાવ્ય.] | મુનિશ્રી હેમેન્દ્રસાગરજી. | ૪૯ |
| સામાજિક ભાષા. | તંત્રીસ્થાનેથી. | ૫૨ |
| ધર્મ-આબાદીમાં ઐકયનું સ્થાન. | પં. શ્રી. કલ્યાણવિજયજી, | ૫૪ |
| आत्मक्षेत्राकार--आत्मवृत्ति. | પં. શ્રી. કલ્યાણવિમળજી. | ૫૬ |
| 'પર્યુષણકી લેટ-'નો જવાબ. | મુનિશ્રી પ્રેમવિમળજી. | ૫૭ |
| ચૌમાસીચૌદશ અને દિનગણત્રી. | પં. શ્રી કલ્યાણવિજયજી. | ૬૧ |
| ઢંઢણકુમાર. [ વાર્તા ] | 'વીરબાલ' | ૬૨ |
| चारित्रको महत्ता। | मुनिश्री अशोकविजयजी | ૬૫ |
| वास्तविकसुख कहां है? | मुनिश्री भद्रानंदविजयजी | ૭૦ |
| विरोधो मित्रों के प्रति- | मुनिश्री अशोकविजयजी | ૭૧ |
| સાહિત્યને માંડવે— | | ૭૪ |
| નામાવલિ. | | ૭૭ |
| ચિતોડ જિર્ણોદ્ધારમાં મળેલી રકમની યાદી | | ૭૯ |
| વર્તમાન. | | ૮૦ |
| આ. શ્રી. સાગરાનંદસૂરિજીનો તાર. લેટ. સુધારો. | | |
| એ પાનું તપગચ્છની માન્યતાનું છે! પં. કલ્યાણવિજયજી | | ટા. પૃ. ૪ |


સુદ ૧૧ મંગળ મૌનએકાદશી.

સુદ ૧૫ શનિ રોહિણી.

વદ ૬ શુક્ર શ્રી મુળચંદજી મ. ની સ્વર્ગવાસ તિથિ

વદ ૮ રવી. શ્રી. વીરવિજયજી મ. ની સ્વર્ગવાસતિથિ.

વદ ૧૦ મંગળ પોષદશમી શ્રીપાર્શ્વનાથપ્રભુજન્મ.

વદ ૧૨ બુધ શ્રી પાર્શ્વપ્રભુનું દિક્ષા તથા ચંદ્રપ્રભુનું જન્મકલ્યાણક.

# જૈનધર્મવિકાસ.

શુકલા પ્રતિપદ્દ : માર્ગશીર્ષ, સં. ૧૯૯૭. અંક ૨ જો

## ધર્મવિકાસી—સુમન.

રચયિતા. મુનિ . હેમેન્દ્રસાગરજી.

વિશ્વઉદ્યાન વ્હેલી રહ્યું પુષ્પલતાવલીએ,
કયું પુષ્પ દીલ રીઝવશે ?
કયું સુમન આત્માનંદે ડોલાવશે, આત્મદેવ ?
માલતી, શિરીષ, ગુલાબ કે ચંપો ?
જાઈ, કેતકી કે મસ્ત મોગરો ?
પુષ્પ પરિમલ પમરાવી આકર્ષે સર્વને,
નાસિકા રીઝે ને નેત્ર પ્રફુલ્લે.

ક્યાં ભાવ જોડશો, આત્મદેવ ?
વિશ્વોદ્યાનમાં નથી સરખાં સર્વ ફુલડાં,
વિધવિધ રંગતે ભર્યાં.
વિધવિધ સુરભિયુક્ત છે કુસુમો,
સર્વદા ઓછાવત્તાં આકર્ષક.

ગુલાબમાં દૃષ્ટિ ઠરે છે, મુજ, આત્મન્ ?
ના, ના, કેમ ઠરે ત્યાં નયનો ?
નથી અલ્પ પણ તૃપ્તિ,
ત્યાં નયનોને કે હૃદયને.
પુષ્પ તો એવુંજ ચાહું જે,
અન્યને કરે ઘેલાં છતાં સ્વયં નિર્લેપ.

સુમધુર, સુકોમળ, સુમનોહર,
સુલલિત, સુગુણાલંકૃત, સુરેખ,

સુગંધિત, સુડોળ, સુધર્મી,
નિહાળ્યાં વિશ્વોદ્યાનનાં સર્વે ફુલડાં.
પણ મન ઠર્યું છે એકજ પુષ્પે,
નિર્લેપ છે જે સાધુવર સમું,
અતુલિત, અવર્ણનિય, અદ્ભુત,
ઝુલે છે આત્માનંદે એક સરખું,
રમ્ય સરોવરના અંતરે.

**रे पद्मिनीपत्र ! भवच्चरित्रं, चित्रं प्रतीमो वयमत्र किंचित्–**
**त्वं पङ्कजन्मापि, यदच्छभावादपि स्पृशस्यम्बु न पङ्कसङ्गी**

જલમાં વસેને જલ ન ભીંજવે,
ગમે છે ચિત્તને એ રમ્ય સુમન કમળ.
મને તો ગમે છે કમળજ; કારણ ?
કારણ કથું, સાધુજન !

ધર્મદેશના અર્પનાર તિર્થંકરદેવ
વિચરે નવ સુવર્ણકમળે;
કેવળીજનો વિરાજે કમળાસને
ને વિકસાવે ભવિજનનાં આત્મકમળ.

સ્થાન પામો વીતરાગદેવ
એ વિકાસિત હૃદયકમળે·
અહર્નિશ ધ્યાન હો નવપદનું
એ જ્ઞાનકિરણે વિકાસિત આત્મકમળે.

હંસ સમા જ્ઞાનીજનો તો
સદા આનંદ પામે ધર્મરૂપી કમલાકરે.

પ્રાણીમાત્ર ધરે હૃદયકમળ;
છતાં અધખીલ્યાં રહે કોઈકનાં
ધર્મના પૂર્ણપ્રકાશના અભાવે.
ને સંપૂર્ણ વિકસે છે કોઇક,
ભાગ્યવંત ધર્મવિકાસવાંચ્છુઓનાં;
દોષારોપણથી આલ્હાદ ન પામે
તેજ–હર્ષપ્રેમી રમ્ય કમળ,

વિકસે તે આલ્હાદ અર્પેને
અણુવિકસ્યાં ન આલ્હાદ અર્પે.
અથવા ન આહ્લાદ પામે
તીર્થંકરો, પૂર્વધરો, ગણધરોને,
આચાર્યોએ આદર્યા મહાપ્રયાસો
કવિજનોએ અલંકારયુક્તભાવે આલેખ્યો.

અધ્યાત્મિકોએ અજબભાવે ગાયો
એવો ધર્મવિકાસ અર્પો દિવ્યાનંદ
પ્રત્યેક ભવ્યોના હૃદયકમળમાં.
વિભુનું મુખડું વર્ણવ્યું કમળ સરખું.

જ્ઞાનપિપાસુ વિદ્વજ્જનો
ભ્રમર સમ બની આવે એ મુખદર્શને.
ગુણગાહી ભ્રમરો આવે પણ
પોતે રહે અડગ, વિરાગી નિર્વિકારી,
નિર્મોહી એવું ઠર્યું એ કમળ.

પુષ્પ પસંદગીના પ્રત્યુત્તરે
ગમે સુરમ્ય, સુકોમળ, સુમધુર,
સુરંગી સુમન કમળ.

વસંતતિલકા.

હે જ્ઞાનસૂર્ય! તુજ જ્યોત અખંડ ભાસે.
ને આત્મપદ્મ સુભ **ધર્મવિકાસ** વાસે
ખીલે વિકાસ ધરતું અતિ રમ્યભાવે.
નિર્લેપ બોધ જગમાનવને સુણાવે.+

---

+ **એક મુમુક્ષુ** જ્યોતિષીએ પુછેલા પ્રશ્નનો પ્રત્યુત્તર.

# સામાજિક ભાષા.

**તંત્રીસ્થાનેથી—**

સમાજસેવાના ઝંડાધારી ભાવનાશીલ લેખકને વાણીસંયમ કેળવવો અતિ જરૂરનો છે. વણતોળ્યો એકાદ શબ્દ થુંકની માફક જગતને ખોળે ઉછળી પડે છે, એની સેવાભાવના સ્વપ્નવત્ બની–કલહનાં બી રોપતી ચર્ચાના કળણમાં હડસેલતી જાય છે. જૈન સમાજમાં 'ભાષા સમિતિ'ની 'जिनआणा' અસ્તિત્વમાં છે છતાં ભાષાઉચ્ચારમાં થઇ ગયેલી, થઇ રહેલી વાસ્તવ વિષમ પરિસ્થિતિ એજ આજ્ઞાના ભાષ્ય જેવું આ લખવા પ્રેરી રહી છે.

એક સુંવાળો ભ્રમ ઉપસ્થિત થયો છે કે, અમુક વ્યક્તિ વિરોધી માર્ગે જતી હોય તો તે પડકાર આપવાથી આપણા માનીતા પથે વહે છે; પણ આ માન્યતા આદ્યયુગથી મિથ્યા ઠરતી અનુભવમાંથી પાઠ લેનાર માનવીઓ પ્રત્યક્ષ કરી શકશે. પુરાતનયુગમાં શાસ્ત્રવિવાદને નામે જૈન, બૌદ્ધ અને બ્રાહ્મણોએ વાગ્-યુદ્ધો કર્યાં છે. એ જંગોની હારજીતનાં પરિણામો જોઇએ તો ભાષાકલાનાં જાદુ અને પ્રતિજ્ઞાબદ્ધતાના અપવાદ બાદ કરતાં દ્વેષ અને અહંતાના આઘાતો સિવાય અન્ય નીપજી શકયાં નથી. તવારીખ આટલો પ્રકાશ એ સુંવાળા ભ્રમ પર પાથરી જાય છે.

મતભેદ ! સત્યની પાછળ માશુક બની માનવી મંથન કરે છે, ને નવરંગી સત્ય એને નુતન પ્રકાશ અર્પણ કરે છે. માનવીએ પ્રકાશ-વિશ્વસમક્ષ રજુ કરે છે ને જગતનાં માનવીઓ એ સત્યની પીછાનનો પ્રયત્ન કર્યા પહેલાં એ નુતન-નરંગી સત્યથી ભડકી ચમકી ઉઠે છે—વિરોધ દાખવે છે, અને અસત્ય ઠેરવવા ચર્ચામાં ઉતરે છે. સત્યશોધક માનવી આ ચર્ચાના સવાલ જવાબમાં સંડોવાય છે, તો એની સત્યશોધ અટકી પડે છે,–પ્રગતિદ્વારનાં કમાડ બંધ થઈ જાય છે, અને જો મૌન બની સમાજની સાથે અબોલા લે છે, તો એ એકલો, અટુલો બની જાય છે. આ એકલતા—એ કલહમાં મધ્યસ્થ રહી સત્યપ્રચાર કરવાના જિજ્ઞાસુને ભાષાકલા એ સાફલ્યની ચાવી છે. સાથે સાથે આટલું તો નોંધી લેવું જરૂરી છે કે માનવહૃદયમાં સત્ય પ્રત્યેની આશકતા અસ્તિત્વમાં હશે ત્યાં લગી મતભેદો અજર અમર છે. કોઇપણ સુક્ષ્મ વિચારણામાં માથું ન મારનારને મતભેદ હોતા નથી, પણ જ્યાં સુક્ષ્મતા દાખલ થઈ કે, અભિપ્રાય ભેદ ખડા થાય છે. એજ નથી બતાવતાં કે અભિપ્રાયભેદ એજ સત્યના આકર્ષણની પ્રતિતિ છે! મહત્વની વાત તો એ છે કે. એ દષ્ટિબિંદુને પરસ્પર સમજતાં સાથે સાથે એ સત્યના સહુ ભેખધારીઓની શક્તિ એક કાર્યપ્રવાહમાં વહેવા દેવી.

વ્યકિતને ભાંડશો મા! કોઇ વ્યક્તિના પ્રકાશન પામેલા વિચારો સામે આપણું દૃષ્ટિબિંદુ રજુ કરવું બીન જરૂરી નથી. કેટલીક વાર તો એ સામેની વ્યક્તિને પણ ઉપકારી થઇ પડે છે, પણ એ રજુઆતમાં સામેની વ્યક્તિ પર પ્રહાર કરવા એ સામેની વ્યકિત, સમાજ અને આપણને એમ કોઇ માટે હિતાવહ નથી. ભિન્ન અભિપ્રાય ધરાવે એટલા જ ખાતર વ્યક્તિ પર અસત્યપ્રચારનો આક્ષેપ મુકવો એ કોઇનો અધિકાર ન હોઇ શકે. પ્રતિપક્ષ તરીકે સામાની દલીલોના, મંતવ્યના યુક્તિપુરઃસર ભુક્કા બોલાવો. ભાષાકલાથી સામી વ્યક્તિના વક્તવ્યની સમાજપર અસર થતી અટકાવી શકાય. આ બધું આદરણીય છે, પણ ભાંડણનીતિ ચલાવી સામાને ચુપ કરવો, આબરૂ પર હાથ નાંખી સમાજમાંથી ઉડાવી દેવો, ચોતરફથી દબાણ લાવી બેહાલ કરી મુકવો એતો સમાજતંદુરસ્તીનાં ઘાતક પગલાં છે. સામેની વ્યક્તિને આપણું દૃષ્ટિબિંદુ ગ્રહણ કરાવવું જ એ ઝનુન જતું કરવું જોઇએ. આ ઝનુન, આ સત્યની પણ અહંતા બીજાંને પામર લેખી પછાડવા પ્રવર્તે છે. આ તુચ્છભાવ દુશ્મનાવટ ખડી કરે છે. સમાજસેવા એકબાજુ રહી સમાજરણાંગણ ખડું થાય છે. જનતામાં આ વિદ્વાન વિદ્વાન, લેખક લેખક વચ્ચેના અખાડા જોતાં હાસ્ય અને ખેદની સાથે નફરત પેદા થાય છે. સમાજ કલેવરનો આ કુસંપથી અંકોડે અંકોડો જુદો થઈ જાય છે. સમાજસેવાના ધ્વજધારીઓ આમ સમાજને નિષ્પ્રાણતા અર્પે છે. સમાજ સેવકોના પાપે હડધુત થઇ ચુંથાય છે.

જનતા વિશાળ છે. ભાષાકલાને ખીલવી માનવ હૃદયને ખેંચી શકીએ તો સાચા દૃષ્ટિબિંદુનો પ્રચાર કરવામાં સામેની વ્યક્તિને ખરાબ કરવાની શી જરૂરત હોઇ શકે એ સમજાતું નથી. આ ઝનુનમાં તો માનવજીવનની કનિષ્ટકક્ષા–પાશવતા, હિંસાનો પડઘો સંભળાય છે. ભાષાવાણીનો સમાજસેવાની ભાવનાથી ઉપયોગ કરનાર માનવી આ ભૂમિકાનો સૂક્ષ્મ વિચાર કરી, ભાષાકલાને જીવનસાફલ્યની કલા લેખે અપનાવી લે.

કોઇ વ્યકિત કે વર્ગને સંબોધન કરવાનો અમારો હેતુ નથી. આગેકુચમાં આ પ્રકાશ અમારો પથ ઉજાળે એવી આશા છે. લેખકો આ દૃષ્ટિબિંદુ અપનાવી લે એવી આરજુ છે. દાન અને સ્થાપિત આર્થિકબળની અર્થી પત્રઆવરદા દીર્ઘ હોય તોયે એ ગૃહમાં પડી રહ્યા નિષ્પ્રાણ માનવકલેવરની બદબો અર્પે છે.

મહાકાલ ! એ નિષ્પ્રાણતા કરતાં તો મૃત્યુને
છેલ્લે ડુસકે લવવા દેજે કે—
"હણો ના પાપી, દ્વિગુણ બનશે પાપ જગનાં,
લડો પાપો સામે વિમળ દિલના ગુપ્ત બળથી,
પ્રભુ સાક્ષીધારી, હૃદયભવને, શાંત મનડે,
પ્રતિ દ્વેષી કેરૂં, હિત ચહી લડો પાપ મટશે.

"ત્રિમૂર્તિ"—સુન્દરમ

# ધર્મ—આબાદીમાં ઐક્યનું સ્થાન.

## લે:–પ. શ્રી કલ્યાણવિજયજી મહારાજ

તિર્થંકરદેવોએ ધર્મપ્રરૂપણા કરી જગતપર પ્રસારેલી આપણે દેખીએ છીએ. ધર્મની આબાદી ખાતર અનેક સિદ્ધાંતો અને નિયમો પણ રજુ કરેલા જોઈ શકાય છે. રાજ્યતંત્ર કાયદા, કલમોના નિયમથી ચાલતું દ્રષ્ટિગોચર થાય છે. અને એ કલમો નિયમોનો આશ્રય લઈ વકીલો, બેરીષ્ટરો બારીકીથી, પોતાના અસીલને ગુન્હાના આરોપમાંથી બચાવી લે છે. તેમ જૈનસિદ્ધાંતોરૂપી ઝરણાંથી આત્માને ઓતપ્રોત બનાવી તેની મલીનતાને એ સિદ્ધાંતો –નિયમોના પાલનથી નાબુદ કરી કેટલાય માનવાત્માઓ ધન્ય બની ગયા છે—બની જતા આપણે જોઇએ છીએ.

કાયદાની ચાવી ન્યાયાધિશના હાથમાં સોંપેલી છે. ન્યાયાધિશ એ ચાવીનો ઉપયોગ કરી ગુન્હેગારને સજા યા નિર્દોષિતા આપે છે. તેમ સિદ્ધાંતોના સ્ફોટનનું કાર્ય આચાર્ય-દેવોને સુપરત કરવામાં આવ્યું છે. મુમુક્ષુ આત્માઓ એ ઉપકારી આચાર્યદેવોના પ્રેર્યા સિદ્ધાંતોનું અંજન કરી, પ્રકાશ મેળવી મૂક્તિ મેળવે છે. આત્માના ક્રમિકવિકાસ પ્રમાણે એ માત્રા હોય છે. ને માનવી એનું સેવન કરી ઇષ્ટિસિદ્ધિ મેળવે છે.

જૈનઅનુયાયી જીનશબ્દથી સિદ્ધ છે. જિન શબ્દ રાગદ્વેષને મુકત કરાવનાર છે. રાગદ્વેષ રહિત તેજ જિન કહેવાય છે. આવા જિન શબ્દનું અનુકરણ કરવા જૈન શબ્દ રચાયેલો છે. જૈન શબ્દની રચનામાં રાચનારાઓના હૃદયમાં રાગદ્વેષને નાબુદ કરવાની ભાવના દિનપ્રતિદિન પ્રફુલિત થતી હોય એમ શાસ્ત્રદ્રષ્ટિએ જાણી શકાય. અને આંતરિક દ્રષ્ટિએ જોઇએ તો એમ જ હોવું ઘટે.

વીશમી સદીના વિષમય જમાનાની ગંભીર અસર આપણને લાગી હોય તેમ દ્વેષાગ્નિમાં આપણે આજે એકતાન થઈ રહેલા છીએ. સંઘનું બંધારણ પણ આ દ્વેષાગ્નિની રેલથી તણાઈ જતું, ઢીલું થઈ ગયેલું અનુભવાય છે. વીશમી સદીના આજના વિશાળ જગતમાં જૈન કોમ વિભાગોમાં વહેંચાઈ રહી છે. એ જોઈ પ્રજાસમૂહ પણ આઘાત પ્રત્યાઘાત અનુભવે છે. મતમતાંતરનો કલહ જૈન શબ્દની મહત્તાને નાબુદ કરી રહ્યા છે.–રાગદ્વેષની પુષ્ટી કરી રહ્યો છે—અને સંગઠન બલને શોષી રહ્યો છે. આ કલહો પોતે જ તિર્થંકરદેવોની આજ્ઞાની અવજ્ઞા નથી?–ઐકયની સાંકળને એ નથી તોડી રહ્યો?–સમાજની એથી અપકીર્તિ નથી થતી?—શું એ આપણને આરાધક ભાવમાંથી વિરાધક ભાવમાં નથી લઈ જતા? એ આપણી બુદ્ધિની વિશાળતાને આવરી સંકુચિત નથી કરતા? આમ આ મતમતાંતરના કલહવમળે જૈનશાસને અધ:પતનમાં ઓછું નથી ધકેલ્યું. તેનો વિચાર કરાય તો યે આજના પ્રશ્નો આપસમાં સમજી લેવાનું તુરતમાં આંદોલન જાગે, પણ વિચાર હીનદશામાં આગળ ધપ્યે જવાય છે. જૈન શબ્દને એ લાજમ નથી. જૈનશાસનનું સત્વ જે ચારણી પેઠે ચળાઈ રહ્યું છે તે જૈન શબ્દને કેમ યથાર્થ બનાવી શકશે?

તિર્થંકરદેવોના જીવનમાંથી પ્રેરણા મેળવનાર ભાવ સૂચવે એ રીતે જૈન શબ્દની ઉત્પત્તિ અને પોષણ થયાં છે. અને ત્યારથી એ શબ્દ વિશ્વમાં તરતો થયો છે. એ શબ્દ ફુલને આ વીશમી સદીમાં જનતા ટોળ કરે એવી રીતે રાગદ્વેષરૂપી ગરમીથી કરમાવી રહ્યા છીએ. એ શબ્દનું જાણે મહત્વ જ આજે ભુલાઈ ગયું છે. એવો ભાસ થઈ રહ્યો છે.

આજકાલ વીશ વર્ષના ગાળામાં આપણે ઐકયતા અને આબાદીને નાબુદ કરવા જાણે કમ્મર કશીને બાંધી હોય એવી સ્થિતિ ઉભી થઈ છે. ક્રમશઃ મતભેદોની ઉત્પત્તિ, અને તેને અંગેનો કલહ વિકસિત થઈ રહ્યો છે. આ મતભેદોમાંથી પ્રગટેલા મનભેદોએ શહેરેશહેર અને ગામડે ગામડાં ને કુટુંબેકુટુંબોને પ્રજાળી દીધાં છે. આપણુમાં ધર્મની સાચી ધગશ હોત તો આપણે એ ઝાળને વધતી અટકાવવા વહેલા તનતોડ જહેમતમાં પડ્યા હોત.

ધર્મની ધગશમાં સ્વાર્થભાવ લજવો ઘટે, આત્મપરિણુતિનું આરાધન કરવું જાઇએ, ઐકય વગરતો ઘડીભર ચાલે જ નહિ, આત્મપ્રશંસાને બદલે મૌનમાં જ રાચવાનું હોય, દેવ,-ગુરૂ-ધર્મનો અપવાદ બોલાય એવું એક પગલું ન ભરાય, સ્વપરની દયાનો ભાવ ધર્મની ધગશમાં સદાયે જાગતો હોય, તે ધગશ સદાય ઐકયના શિખરે :વસી ધર્મની આબાદી વધારવા કોશીશ કરે. સમાજને ઐકય વિહોણો કરવો એટલે એના પ્રાણ હરી લેવા. આમાં ગમે એટલી અન્ય દલીલો છતાં કયાંક ચુક તો જરૂર થાય છે જ. સ્વમાનને નામે કલહને વિતંડાવાદ ઉભો થાય એમાં સમાજહિત તો નથી જ નથી.

આ બધોએ વિચાર કરતાં કોઈ પણ રીતે કલહને નાબુદ કરાવવા મારા મુરબ્બીઓ જો તૈયાર થશે તો જ ઐકયતાની આબાદી જળવાઈ રહેશે. ઐકયતા તેજ ધર્મનું ઝનુન છે, ઐકયતા તેજ મહાવીરનો સિદ્ધાંત છે, ઐકયતામાં રાગદ્વેષ રહેવા પામતો નથી, એકતા વગર એક બીજાના ખંડનમાં ભાગ લેવાય છે. સમાજને પેપર દ્વારા જે સિદ્ધાંતો આપવા જોઇએ તે આપણા છાસવારાના ઝઘડાના પ્રતાપે આપી શકતા નથી. સમાજને સિદ્ધાંતોનો બોધપાઠ આપવો એ જ આપણી સાર્થકતા છે. આપણી ફરજ આવી નજીવી લાઈનમાં ગુમાવવા કોશીશ કરવી તે તો મને વાસ્તવિક નથી લાગતું. વાસ્તે ફરીફરીને લખવું પડે છે કે આપણા અગ્રગણ્યો જ આ વાતનો ફેંસલો કેમ ન કરી શકે? તેઓના જ ઉપર આ ભાર કેમ લાદવો ન જોઇએ. વાસ્તે તે ભાર તેઓના ઉપર ઉપર છોડી આપણે બીજા કાર્યમાં ગુંથાઇએ તો જ લાભ આપી શકીએ. ઇસલમ્.


## ગ્રાહક બંધુઓને—

માસિકના લવાજમના ભેટબુકના પોષ્ટખર્ચ સાથે રૂા. ૨-૬-૦ મોકલનારને—
આચાર્યશ્રી નીતિસૂરીશ્વરજી જીવનચરિત્ર (સંસ્કૃત પૃ. ૪૭૬)
પ્રશ્નોતર રત્નમાળા (ચિદાનંદજી કૃત હિંદી-ગુજરાતી, પૃ. ૧૮૦)

એ બન્નેમાંથી ગ્રાહકની પસંદગીનું એક ભેટ આપવામા આવશે ગ્રાહકોએ તે અંગે સ્પષ્ટ લખવું.

**લખો-જૈનધર્મ વિકાસ ઓફિસ, ૫૬/૧ રીચીરોડ, અમદાવાદ.**

# आत्मक्षेत्राकार—आत्मवृत्ति.

લેખકઃ-પં. શ્રી કલ્યાણવિમળજી મહારાજ.

વૃત્તિ, જિજ્ઞાસા, ઇચ્છા, ભાવના એ આત્માની વિભાવિક જ્ઞાનદશા છે. જગતની કોઈપણ જડપદાર્થની સ્વરૂપસ્થિતિ તે રૂપ ઉપર આત્માની વિભાવિક જ્ઞાનદશા બનવાથી થવાથી આત્મા ત્યાંજ અમુક કાલપર્યંત, અમુક રસપૂર્વક સ્થિતિ કરે છે ત્યાંથી તે પદાર્થની સ્થિતિરૂપ કાલ, વર્ણ રસ, શબ્દ, સ્પર્શ, સ્થિતિ ફરવાથી આત્માની અજ્ઞાનરૂપ પ્રકૃતિ પણ ફરે છે, ત્યાં પણ મૂળ જ્ઞાન એમ સ્પષ્ટપણે અનુભવ કરે છે. એટલે આત્મા એકત્વમાંથી દ્વૈતભાવનો અનુભવ કરે છે. દ્વૈતભાવનાના અનુભવથી સુખદુઃખ, ગમવા ન ગમવાની, શાંતિઅશાંતિની, શેઠાઈ લુચ્ચાઈની, ભલમનસાઈ–અભલમનસાઈની, વિનયઅવિનયની વિગેરે આવી અનેક પ્રવૃત્તિઓ કરી પોતાની મુળ સ્થિતિમાં ભાંગો પાડે છે. મુળ સુખમાંથી બહાર ઉપયોગ જતાં પોતાની શાંતિ–પોતાનું સુખ–ઐશ્વર્ય ગુમાવી પરાધીન સુખની પછવાડે ગુલામી કરવા દોડે છે, જેથી પોતાના અને પરના માની લીધેલા મૌલિક હક્કને નુકશાન પહોંચાડે છે. આથી માયા કરી જીવનપથ ઉકેલવા નિરંતર પ્રયત્નશીલ રહે છે, જેના છેવટના પરિણામરૂપ આત્માને જ્યારે આ જડ પદાર્થોનો વિયોગ થવાનું બને છે. ત્યારે સર્વ પ્રકૃતિઓ તેના જ્ઞાનપ્રદેશ ઉપર ચડી તેને તે રૂપ બનાવી લઈ જાય છે. ત્યાં પાછો તે જ સ્થિતિમાં નિમગ્ન બની તે કાર્ય પુરૂં કરે છે. ત્યાંથી ફરી પાછો બીજી સ્થિતિમાં,–આમ અનંતકાળથી પોતાનું પરભાવમાં નિરંતર વહન કર્યા કરે છે. છતાં તે સુખના કે દુઃખના પારને પામી શકતો નથી. આથી જ આવી સ્થિતિનો સંપૂર્ણ અનુભવ કરી મહાજ્ઞાની પુરૂષોએ પ્રથમની પ્રકૃતિઓના કાર્યને વેગ ન મળે તેવું જ્ઞાન–સમજણ–પાકી અગ્નિરૂપ ચેતનાજ્યોત જગાડી પ્રકૃતિરૂપ કર્મને બાળવા કહ્યું છે. આથી તેની દશા સમભાવી–ઉદ્દાસીન બને છે. અને સર્વવૃત્તિનું કેન્દ્ર આત્મક્ષેત્રાકાર બની સર્વ પદાર્થોનો અવકાશે સંગમ થવા છતાં તેનું આકર્ષણ ન થતાં માત્ર સંયોગ પુરો થતાં સુધી તેનું જ્ઞાનસ્થિર કરી સુખને જ અનુભવે છે. પછી ભલેને જડતા વિદ્દ્ ભાવનો સંયોગ હોય. છતાં પણ મુળમાં જ સુખસ્થિતિ હોવાથી મુકતભાવમાં જ રહે છે. આ મોક્ષનું પ્રથમ સોપન–પગથિયું. આમ સ્થિતિ વધતાં સર્વથી સર્વકાળથી એક જ જ્ઞાનમાં રહેવાથી સંબંધીપણું છુટતાં મુકત સ્થિતિમાં આત્મા નિરંતર વાસ કરે છે. આવી આત્મક્ષેત્રાકાર–આત્મવૃત્તિ કરવા માટે પુરૂષાર્થ કરવો એ જ માનવજીવનનું પ્રથમ કર્તવ્ય છે.–સર્વોચ્ચ સાફલ્યપણું છે. પ્રભુ સર્વને આવો પુરૂષાર્થ સદોદિત ચાલુ રાખવા અખુટ અક્ષય બળ સમર્પો એ જ હૃદયેચ્છા.

# "पर्युषणकी भेट"નો જવાબ.

( રાયસાહેબ શ્રી કૃષ્ણલાલજીની માન્યતાઓનું અવલોકન )

લેખકઃ—**મુનિરાજશ્રી પ્રેમવિમળજી મહારાજ.**

રાયસાહેબ કૃષ્ણલાલજી બાફણાએ 'પર્યુષણકી ભેટ' નામક હિંદી પુસ્તિકા બહાર પાડી, જૈનધર્મ સામે આક્ષેપો કરીને પોતાનાં મન્તવ્યો સિદ્ધકરવા પ્રયત્ન કર્યો છે. એથી ભારી દિલગીરી થાય છે. નિષ્પક્ષ દૃષ્ટિએ શ્રીકૃષ્ણલાલજીએ હિંદુશાસ્ત્રોનું અવલોકન કર્યું હોત તો કદાપી આ દુઃખદ પ્રસંગ ઉભો થાત નહિ. જૈનધર્મીઓ પ્લેટફોર્મ ઉપર, લેખો અને પુસ્તકોમાં જૈનધર્મની ઉત્કૃષ્ટતા સિદ્ધ કરવાના જે પ્રયાસ કરે છે, તેની યોગ્યાયોગ્યતામાટે માત્ર હિંદુશાસ્ત્રો જોવાં જ બસ થઈ પડશે. આટલું જોઇ લેવાય તો, શ્રીકૃષ્ણલાલજીને ઉદ્વેગ અનુભવવાની જરૂર રહે નહિ.

શ્રીમહાદેવજી સ્વપત્ની પાર્વતિજી સમક્ષ કથે છેઃ—

**'ते कीदृशाः किमाहारा, महादेव निगद्यतां ।**
**दंडकंबलसंयुक्ता-अजलोम प्रमार्जनाः ॥२॥**
**गृह्णन्ति शुद्धमाहारं, शास्त्रदृष्ट्या चरंति च ।**
**तुंबीफलकरा भिक्षा-भोजिनः श्वेतवाससः ॥**
**न कुर्वन्ति कदा कोपं, दयां कुर्वंति जंतुषु ॥३॥**
**मुक्तिकारणधर्माय, पापनिःकंदनाय च ।**
**अवतारः कृतोऽमीषां, मया देवि युगेयुगे ॥४॥**

पद्मपुराणे

અર્થઃ-હે દેવી. દંડ કંબલ સહિત, ઉનના રજોહરણવાળા, શુદ્ધ આહારને ગ્રહણ કરનારા, અને શાસ્ત્રાનુસાર વર્તનારા, તરપણી-તુંબીફલ રાખનારા, ભિક્ષાભોજન કરવાવાળા અને શ્વેતવસ્ત્રોવાળા એવા જૈનમુનિઓ કદાપી ક્રોધ કરતા નથી. અને જીવો ઉપર હંમેશ દયા કરે છે. તેનો અવતાર મેં દરેક યુગમાં મુક્તિના કારણે ધર્મનો ફેલાવો કરવા માટેઅને પાપનું નિકંદન કરવા માટે કરેલો છે.—પદ્મપુરાણ. )

આ ઉપરાંત—

**दशभिर्भोजितैर्वि-प्रैर्यत् कृतं जायते फलम् ।**
**अर्हद्‌भक्तस्य तद्दाने, जायते तत्फलं कलौ ॥**

॥ महाभारत विराटपर्वे, अध्याय ३५ श्लो. ४३ ॥

( કલીયુગમાં દશ બ્રાહ્મણોને ભોજન દેવાથી જે ફલ થાય છે, તેટલું અરિહંતના એકભકતને દાન આપવાથી થાય છે-મહાભારતમાં. )

प्रथमं ऋषभो देवो, जैनधर्मप्रवर्तकः।
एकादश--सहस्राणि, शिष्याणां धारितो मुनिः
जैनधर्मस्य विस्तारं करोति जगतितले ॥
॥ श्रीमालपुराणे–अ० ७३, श्लो० २२ ॥

(પ્રથમ ઋષભદેવ જૈનધર્મ પ્રવર્તાવનાર અગીયાર હજાર શિષ્યો સાથે જૈનધર્મને જગતમાં પ્રવર્તાવે છે–શ્રીમાલપુરાણ)

रैवताद्रौ जिनो नेमिः, युगादिर्विमलाचले।
ऋषीणामाश्रमादेव, मुक्तिमार्गस्य कारणम् ॥
प्रभासपुराणे

(રૈવતાચલ (ગીરનાર) નામના પર્વતમાં નેમીનાથ નામવાળા જીનદેવ અને વિમળાચળ ઉપર યુગાદિદેવ આદીશ્વરપ્રભુ ઋષિઓના આશ્રમથી મુકિતમાર્ગના કારણરૂપ છે.)

હિંદુશાસ્ત્રોમાં ચારવેદ–રૂગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ,–છે કે જેને સર્વહિંદુઓ સર્વશ્રેષ્ટ માને છે–મનાવે છે. એ વેદો પૈકી યજુર્વેદ અ૦ ૨૫, મંત્ર ૧૯ માં જણાવે છે કે:—

पशुरिन्द्रमाहुरितिस्वाहाः ॥ उत्त्रातारमिन्द्रं ऋषभं वदंति, अमृतारमिन्द्रं हवे सुगतं सुपार्श्वमिन्द्रं हवे शक्रमजितं तद्वर्द्धमनं पुरुहुतमिन्द्र माहुरितिस्वाहाः ॥ ॐ स्वस्तिनः इन्द्रो वृद्धश्रवाः स्वस्तिनः पुषा विश्ववेदाः बलायु व शुभजातायु ॐ रक्ष रक्ष अरिष्टनेमि स्वाहाः। वामदेव शान्त्यर्थमनुविधीयते सोऽस्माकमरिष्टनेमि स्वाहाः ॥

(રૂષભદેવ પવિત્રને અથવા યજ્ઞ કરનારને, યજ્ઞમાં પશુ જેવા વૈરીને જીતવાવાળા ઇન્દ્રને હું આહુતિ આપું છું, રક્ષા કરવાવાળા શોભાયુકત સુપાર્શ્વનાથ ભગવાન જેવા એવા ઇન્દ્રને રૂષભદેવ તથા વર્ધમાન સ્વામિને હું બલિદાન દઉ છું. બહુ ધાનવાળા ઇન્દ્ર કલ્યાણ કરો. દીર્ઘાયુ, બલ અને શુભ મંગળ આપો. હે અરિષ્ટનેમિ ભગવાન ! તું રક્ષા કર. વામદેવ શાંતિ માટે થાઓ. જેમ અમે વિધાન કહીએ છીએ તે જ અમારા અરિષ્ટનેમિ છે, તેને અમે બલિદાન દઈએ છીએ.

આ પ્રમાણે હિન્દુશાસ્ત્રોમાં જૈનધર્મ માટે જે અત્યુત્તમ લખાણ છે. તેથી અવશ્ય સંતોષ થાય છે. જૈનલેખકોના લેખનથી શ્રીકૃષ્ણલાલજી જેવા જેમને દુ:ખ થાય છે. તેમને અમે પુછીએ છીએ કે અઢારે પુરાણશાસ્ત્રોને આજે ખુદ હિંદુસમાજ શા કારણે સંપૂર્ણપણે સ્વીકારી શકતો નથી ? એ અઢારે પુરાણોમાં પરસ્પર વિસંવાદી લેખન થયું છે. શીવપુરાણના કર્તા વિષ્ણુભગવાનને નિંદે છે. અને સામે વિષ્ણુપુરાણના લેખક, શીવજી–મહાદેવજીને અયોગ્ય મનાવે છે, તે સંબંધી ખુલાસો થવાની જરૂર છે.

વેદગ્રંથો સામે સંશય રજુ કરતાં વેદ વિખ્યાત, વિનાયક વિશ્વનાથજી લખે છે–"હાલના ટાઇમમાં જે ચાર પ્રકારના વેદો દષ્ટીગોચર થાય છે. તેમાંથી ફક્ત ૩ વેદોમાંથીજ–યજુર્વેદ, રૂગ્વેદ, સામવેદ–ચારે વેદ સંબંધી કાંઇક જ્ઞાન મળી શકે તેમ છે. અથર્વવેદ તો એક પ્રકારનો પરિશિષ્ટ છે. રૂગ્વેદમાં પણ ફક્ત ઉપરોક્ત ત્રણ વેદોનીજ એકંદરે હકીકત લખાયેલ છે. યથા: '**अदेबुध्नियमन्त्रं मेगोपाया यमृषयस्त्रयी वेदाविदुःऋचो यजूँषि सामानि**' આ ઉપરાંત મનુભગવાને મનુસ્મૃતિમાં ફરમાવેલ છે કે–'**दुदाहे यज्ञसिध्यर्थमृग्‌यजुःसाम लक्षणम्**' કહીને ફક્ત ત્રણ વેદોનાંજ નામ લખેલ છે. છતાં આજે ચાર વેદોને માનવામાં આવે છે. વેદોને હિંદુઓ ઇશ્વરપ્રણિત માને છે. ત્યારે ન્યાયદર્શનના કર્તા ગૌતમજી તેને ઇશ્વર પ્રણિત માનવા તૈયાર નથી. તેને પૌરૂષેય–પુરૂષકૃતજ માને છે. વેદ-પાઠોથીજ સાબીત થાય છે કે વૈદિક રૂષિઓજ વેદપ્રણેતા છે. વૈદિકસૂત્રોમાં તે પ્રણેતા રૂષિઓનાં નામ વિદ્યમાન છે. તે રૂષિઓએ અનેક પ્રકારના છંદોમાં સ્તોત્ર વગેરે બનાવી દેવતાઓની સ્તુતિઓ અને પ્રાર્થના કરેલ છે. તે સર્વસ્તુતિઓ તેઓએ પોતાની જાત અને સુખને માટે–અભિષ્ટ સાધન માટે કરેલ છે. તેજ વેદોમાં લખેલ છે કે. '**अर्थं पश्यंतु ऋषयो देवताच्छन्दोभिरभ्य धावन्**' જેને પાછળથી સંસ્કૃત કવિઓએ ગણેશ, દુર્ગા, શીવ, વિષ્ણુ, સૂર્ય આદિની સ્તુતિઓથી સંપૂર્ણ સ્તોત્ર બનાવેલ છે. તેજ પ્રમાણે અગ્નિ, સોમ, વરૂણ, સવિતા, ઇન્દ્ર આદિનાં પરિપૂર્ણ સ્તોત્ર વૈદિકરૂષિઓએ બનાવેલ છે. વિચારવાની વસ્તુ એ છે કે, વૈદિકરૂષિઓ મંત્રદષ્ટા હોવાથી યોગબલથી ઇશ્વર તરફથી વૈદિકમંત્ર પ્રાપ્ત કરેલ છે તેવું માનનારાઓએ એ વસ્તુ પણ જરૂર વિચારવી પડશે કે, તેજ સૂત્રોમાં તેજ રૂષિઓની ખુદની દશા બતાવનારી બીના શી રીતે આવવા પામી હશે ? રૂગ્વેદના કોઇ રૂષિ કુવામાં પડતાં ત્યાંજ પડ્યા રહીને સ્વર્ગ અને પૃથ્વીની સ્તુતિ કરી રહેલ છે. કોઇ ઇન્દ્રને કહે છે કે, તમો અમારા શત્રુનો સંહાર કરો. કોઇ સવિતાને પ્રાર્થના કરે છે કે અમારી બુદ્ધિમાં વૃદ્ધિ કરો, કોઇ પુષ્કળ ગાયોની માગણી કરે છે, કોઈ પુષ્કળ પુત્રોની માગણી કરે છે, કોઇ સર્વ જંગલો, હળ, દુદુંભી ઉપર મંત્ર રચના કરી રહ્યા છે. કોઇ નદીઓને સારી ખોટી કહી કહે છે કે તે અમને આગળ વધવામાં અંતરાય કરે છે, કોઇ સ્થાને માંસાદિનો ઉલ્લેખ છે, કોઈ જગ્યાએ સુરા અને દ્યુત (જુગાર) ની નોંધ છે. રૂગ્વેદના સાતમા મંડલમાં તો એક સ્થાને એક રૂષિએ ભારે દિલ્લગી કરી છે. સોમપાન કર્યા બાદ વેદપાઠરત બ્રાહ્મણોના વેદધ્વનીને એ પોતે વરસાવનાર મેડકોની સાથે સરખાવે છે, એ સર્વ બીના વેદ ઇશ્વરપ્રણિત નહિ હોવાની સુચનારૂપ છે. ઇશ્વરને ગાય, ભેંસ, પુત્ર, કલત્ર, દુધ, દહીં માગવાની કોઈ જરૂરત હોતી નથી. આ સર્વે બીના રૂગ્વેદ સંબંધી છે. પરંતુ યજુર્વેદની પણ

સાથે તેવીજ દશા છે. બાકી સામવેદના થોડા મંત્રો સિવાય બાકીના દરેક મંત્રો રૂગ્વેદમાંથી લીધેલા છે. અથર્વવેદમાં ફક્ત મારણ, મોહન, ઉચ્ચાટન અને વશીકરણો આદિ મંત્રોથીજ પરિપૂર્ણ છે. સ્ત્રીઓને વશ કરવા માટે અને જુગારમાં જીતવા સંબંધી મંત્રો એમાં લખાયેલ છે. આથી જરૂર સમજાય છે કે, જ્યાં ઇશ્વિર કદાપી જુગાર રમે નહિ, સ્ત્રીસંભોગ કરે નહિ, તેમ કરવા બીજાને લેશ માત્ર પ્રેરણા કરે નહિ, ત્યાં તેજ વેદોને ઇશ્વિરપ્રણિત માનવા તે ખરેખર ઇશ્વરનેજ બદનામ કરવા બરાબર છે. અવશ્ય તે વેદો ઇશ્વરપ્રણિત નથી પણ પુરૂષ કૃતજ મનાય તેમ છે. જે સ્વરૂપમાં આજે વેદગ્રંથો દેખાય છે તે પણ અસલ સ્વરૂપમાં નથીજ. હાલના વેદગ્રંથોના કર્તા વેદ વ્યાસજી છે. વ્યાસજીના અગાઉ વૈદિક સ્તોત્રસમૂહ એકસ્થાને એકત્ર હતા. કેમકે આખા સ્તોત્રસમૂહની રચના એકજ વખતે થયેલ નથી, પરંતુ આગળ પાછળ થયેલ છે. તે દરેકના કર્તા જુદા જુદા રૂષિઓ છે. તે સર્વ છુટા પડેલ મંત્રોને કૃષ્ણ દ્વૈપાયને એક પ્રણાલીમાં ગોઠવેલ છે ત્યારથી, વેદગ્રંથોની આગળ 'સંહિતા' શબ્દ જોડાવા લાગેલ છે. તેનો અર્થ એ છે કે, 'સમૂહ–જમાવ–એકીકરણ' છે. વર્તમાનરૂપમાં વેદપ્રચાર કરવાથી જ બાદરાયણનું નામ વેદવ્યાસ પડેલ છે. તેઓએ સમગ્રવેદ પોતાના ચાર શિષ્યોને ભણાવેલ છે. 'જેવૃચ' નામનો 'રૂગ્વેદ ગ્રંથ' પૈલ નામના શિષ્યને, નિગદનામનો યજુર્વેદ ગ્રંથ વૈશંપાયન નામે શિષ્યને, છંદોગનામે સામવેદ ગ્રંથ જૈમિનિ નામે શિષ્યને અને અંગિરશી નામે અથર્વવેદગ્રંથ સુમન્તુ નામે શિષ્યને ભણાવેલ છે. એ પ્રમાણે ચાર વેદનું પોતાના શિષ્યોને નવી પદ્ધતિ પ્રમાણે અધ્યયન કરાવેલ છે. આ રીતે વેદપાઠીઓની સંખ્યા વધતાં વધતાં વેદોની અનેટ શાખાઓ બની ગઈ, મંત્રોમાં અનેક પાઠભેદ થયા, આમ ઋષિમુનિઓના અનેક શિષ્યો પાઠભેદે અલગ અલગ સ્વમાન્યતા મુજબ પઠન કરતા થઇ ગયા. સામવેદની લગભગ સો શાખાઓ છે. જો કે હાલ તે દરેકના યથાસ્વરૂપ પાઠભેદો મળતા નથી, પણ મળે છે એટલા પરથી પણ ઉપરની વાત સ્પષ્ટ થઈ જાય છે. મંડલ નામે દશ અધ્યાયોમાં બનાવેલો રૂગ્વેદગ્રંથ સર્વથી જુનો છે. ત્યારે કોઈ પંદર પ્રકારના વૈદિક છંદોમાં તેની બનાવટ થઇ છે."

—અલ્હાબાદ 'સરસ્વતી' માસિક ભા. ૯ મો અંક ૯ મો 'વેદ'.

(ચાલુ—)

# ચૌમાસી ચૌદશ અને દિનગણત્રી.

લે૦—પં. શ્રી કલ્યાણવિજયજી મહારાજ.

અષાડ સુદ ૧૪ થી સંવત્સરી દિન—ભાદ્રપદ સુદ ૪. પચાસ દિવસે, અને સંવત્સરી દિનથી ચૌમાસી ચૌદશ સીત્તેર દિવસે એવું દિનગણત્રીનું માપ સર્વમાન્ય છે. આ દૃષ્ટિએ ગઈ ચૌદશ ચૌમાસી ચૌદશને માપવામાં આવ્યા હોત તોયે તિથિચર્ચાનો કેટલોય અંશ-કમી થઇ જાત. આ ગણત્રી જનતા સમક્ષ વિગતવાર રજુ કરવામાં આવે છે.:—

પ્રથમ સં. ૧૯૯૬ અસાડ સુદ ૧૪ ગુરૂવારથી ભાદ્રપદ સુદ ૪–સંવત્સરી દિનના પચાસ દિવસ:—

| | | | | | |
|---|---|---|---|---|---|
| અસાડ, | સુદ ૧૪ | ગુરૂવારથી | અ. વદ ૬ | ગુરૂવાર સુધી | દિ. ૮. |
| ,, | વદ ૭ | શુક્રવારથી | શ્રા. વદ ૧૩ | ,, | દિ. ૭. |
| ,, | વદ ૧૪ | ,, | શ્રા. સુદ. ૫ | ,, | દિ. ૭. |
| શ્રાવણ | સુદ ૬ | ,, | શ્રા. સુદ, ૧૩ | ,, | દિ. ૭. |
| ,, | સુદ ૧૪ | ,, | શ્રા. વદ ૪ | ,, | દિ. ૭. |
| ,, | વદ ૫ | ,, | શ્રા. વદ ૧૧ | ,, | દિ. ૭. |
| ,, | વદ ૧૨ | ,, | ભા. સુદ ૪ | ,, | દિ. ૭. |

કુલ દિવસ ૫૦

આમ સંવત્સરી પ્રતિક્રમણ અસાડ સુદ ૧૪ થી બરાબર પચાસ દિવસે સમગ્ર સમાજે કરેલું. હવે સંવત્સરી દિનથી ચૌમાસી ચૌદશ સુધીના સીત્તેર દિવસ—

| | | | | |
|---|---|---|---|---|
| ભા. સુ. ૪ | ગુરૂથી | ભા. સુ. ૧૧ | ગુરૂ | દિ. ૭ |
| ભા. સુ. ૧૨ | શુક્રથી | ભા વ. ૩ | ,, | દિ. ૭ |
| ભા. વદ ૪ | ,, | ભા. વ. ૧૦ | ,, | દિ. ૭ |
| ભા. વદ ૧૧ | ,, | આ. સુ. ૨ | ,, | દિ. ૭ |
| આ. સુ. ૩ | ,, | આ. સુ. ૧૦ | ,, | દિ. ૭ |
| આ. સુ. ૧૧ | શુક્ર થી | આ. વદ. ૧ | ગુરૂ | દિ. ૭ |
| આ. વ. ૨ | ,, થી | આ. વ. ૮ | ,, | દિ. ૭ |
| આ. વ ૯ | ,, | કા. સુદ ૧ | ,, | દિ. ૭ |
| કા. સુ. ૨ | ,, | કા. સુદ ૮ | ,, | દિ ૭ |
| કા. સુ. ૯ | ,, | કા. સુ. ૧૪ | ,, | દિ. ૭ |

કુલ દિવસ ૭૦.

ભાદરવા સુદ ૪ ગુરૂવારનો દિવસ. પચાસની ગણત્રીમાં આવી ગયો છે.

આમ પચાસ અને સીત્તેર દિવસની ગણત્રીએ ચૌમાસી ચૌદશ ગુરૂવારના દિવસે બરાબર થઇ રહે છે. જ્યારે બુધવારે ચૌમાસી ચૌદશ કરવામાં આ ગણત્રી પચાસ અને ઓગણસીત્તેર દિવસની થાય છે. આ ગણત્રી રજુ કરી કોઇના અવળા પ્રચારથી ન દોરાતાં—વિરાધક જેવા શબ્દોની ભાંડણનીતિથી ન ધ્રુજતાં સ્વતંત્ર રીતે વિચારતા થવા જૈનજનતાને અમે આગ્રહ કરી છીએ 'વિરાધક' જેવા શબ્દોનો છુટા હાથે પ્રચાર કરનારને એવા શબ્દો મુબારક હો!

## સ્થુલીભદ્રનો વિસરાયલો સમોવડ—

# ઢંઢણકુમાર.

લેખકઃ—બાપુલાલ કાલિદાસ સઘાણી. "વીરબાલ"

"પ્રભો ! વંદન." ચારપાંચ યુવાનમુનિઓ ભગવાન નેમને વંદન કરી ઊભા રહ્યા.

"આવો વત્સો ! કાંઇ અટાણે !" ભગવાને વાત્સલ્યથી આવકારી પુછ્યું.

"દેવ ! આજે દિવસો થયાં ઢંઢણની સાથે જનાર મુનિને આહાર મળતો નથી. પારખું જોવા અમે પ્રતિદિન એની સાથે જુદા જુદા મુનિઓ ગોચરી—ભિક્ષા–અર્થે ગયા. પણ ભગવાન ! આશ્ચર્ય કે તેઓને આહાર વિના પાછા ફરી તપશ્ચર્યા કરવી રહે છે."

"હા પ્રભો ! મારા વાસ્તે સાધકસાથીઓને વેઠવી પડતી મુસીબત, મને ભારી વિમાસણમાં નાંખે છે." મુનિગણની પછવાડે ઉભેલા યુવાન ઢંઢણના વદન પર એ દુઃખ સ્પષ્ટ વંચાતું હતું. આ દર્દરેખાઓ મુનિજીવનની હરએક કસોટીએ કસાવા તત્પર થયેલા સ્વસ્થ ગૌરવશીલ ચહેરાપર ઉપસતી હતી. કસોટીથી કાયર થયેલી ભાવનાનો ત્યાં અંશ ન્હોતો.

"વત્સો ! ગોચરી ન મળતાં તપશ્ચર્યા કરવી એ મુનિજીવનમાં સહજ છતાં ગંભીર કસોટી છે. ઢંઢણ ! આહાર માટે વસ્તીમાં તું એકલો જાય, એ એક જ ત્હારા ખેદનો ઇલાજ છે." ભગવાને ઢંઢણ સામે કરૂણાર્દ્રમીટ માંડતાં કહ્યું.

"દેવ ! એ એકલતા, એ અન્નવિરહમાંથી જન્મતું મનઃદૌર્બલ્ય જીરવી—વિકાસદોર અખંડ રાખી શકું એવો આશિર્વાદ આપો" ઢંઢણનાં નયનોમાં ભગવાનની વાત્સલ્યભરી મીટે ઝળઝળીયાં આણ્યાં. એ જ્ઞાની નેમના ચરણોમાં ઢળી પડયો. ભગવાન નેમ માથે હાથ મુકતાં હૃદયના ઘેરાસ્વરે ઉંડેથી બોલ્યા, 'ઉઠ વત્સ ! તું જીતી જઇશ.' એમને એમ પડી રહી ઢંઢણે સ્વસ્થતા મેળવી. ઉઠયો, આંસુ લુંછી નાંખ્યાં ગૌરવશીલ વદન પર અત્યારે પ્રથમના ખેદને સ્થાને આર્દ્રતા છવાઇ રહી.

— પ્રભુને વંદના કરી મુનિગણ યથાસ્થાને પાછો વળ્યો.

૨

ભગવાન સાથે ઢંઢણમુનિ ગ્રામ્યનગરપ્રદેશમાં વિચરે છે. મધ્યાન્હકાળે ભગવાન સહસ્ત્રાંશુ માથે આવતાં એકલા ભિક્ષાન્ન માટે પ્રતિદિન નીકળે છે. એક પ્રહર સમય ઘરઘર જાય છે. એક ઘરમાં જાય છે ને ત્યાં, આગળથી આવી ઉભેલા ભિક્ષુકને જોઇ વળી જાય છે. કોઇ ઘરમાં પગ મુકેને, ગૃહવાસીમાં માત્ર સ્ત્રી-

વર્ગને જોઈ પાછા ફરે છે. બચ્ચું રોતું હોય, સ્ત્રી વેણી ગુંથાવતી હોય, કણુ વેરાયેલા પડયા હોય, વચ્ચે જાનવર ઉભું હોય ત્યાં ઢંઢણુ પાછાં પગલાં ભરે છે. 'ધર્મલાભ' કહીને ઉભા રહે છે, સ્ત્રી વહોરાવવા—ભિક્ષા આપવા—આવે છે ને, મુનિજીવનને બાધક ખોરાક જોઈ પુનઃ **ધર્મલાભ** ઉચ્ચારી ખાલી ચાલ્યા આવે છે. પ્રહર સમય પુરો થતાં પાછા ફરી ભગવાનની છાયામાં તપશ્ચર્યા સ્વીકારી લે છે. આમ દિવસોને મહિના વીતવા લાગ્યા. મુનિદેહ મુડીમાં રહેલા લોહીને ઓગાળતો ઓગાળતો હાડપીંજરનું રૂપ લેતો ગયો. મનોબળ ન્હોય તો આહાર, વિહાર, નિત્યકર્મ ન થઇ શકે એવી દેહસ્થિતિ થઈ ગઈ. પણુ ઢંઢણુની આત્મજ્યોત જલતી હતી. કસોટીમાંથી પસાર થઇ જીવનજંગ જીતી જવાની અખંડ ભાવના દેહયંત્રમાં તેલ પુર્યે જતી હતી ભગવાન નેમના આશિ-ર્વાદમાં ઢંઢણુને અચલ શ્રદ્ધા હતી.

ખોરાક તો ક્રોધના જ્વાલામુખીનું ઢાંકણું છે. ઢાંકણું દુર થતાં એ–લાવા જીવન ખાક કરી નાંખે છે. ક્ષુધામાં સ્વસ્થતાની કઠિનતા એ રોજનો અનુભવ છે. એ સ્વાસ્થ્યને ઘર ઘર થઇ 'ધર્મલાભ' ઉચ્ચારતાં હોડમાં મુકી રોજ જીત-વાનું હતું, સાપનો ડંખ વ્હોરી નિર્વીષ રહેવાનું હતું. જીવન–ભરના નિશ્ચિત અનસન કરતાં થોડાક દિવસની આ અનિશ્ચિતતામાં સ્વાથ્સ્ય ટકાવવું અનંત કઠિન હતું—અને ઢંઢણુનો એ સાધનાજંગ હતો.

૩

દ્વારામતીની ઉંચી મહેલાતો રાજમાર્ગ પર ડોકિયું કરતી પીળા પટકા-ચેલા મોંયે અફસોસ ગુજારતી હતી એની આટઆટલી સમુદ્ધિ, વિશાળ જન-સમૂહ ઉંચી ભેખડો વચ્ચે, આશ્વિન—કાર્તિકની ક્ષીણુકાય નદી સમી, મંદમંદ પગલે ચાલી જતી સાધક વ્યકિતને, થોડુંક અન્ન આપવામાં નિષ્ફળ નીવડયો હતો.

ઉતાવળથી આગળ વધતા રાજવી કૃષ્ણુને આજ ભગવાન નેમપાસેથી પાછા ફરતાં મોડું થવાથી, વધેલી ગરમી અકળાવી રહી હતી. એ અનુભવ વચ્ચે રાજ-વીની આંખ નગરચોગાનમાં, ધીરે ધીરે સામે આવતી એ વ્યકિત પર પડી. ઓળખાણુ થઇ. પોતાનુંજ સંતાન, ભગવાન નેમનો 'અધિકો ઢંઢણુ' ગણુત્રી-પુર્વક ડગ ભરતો—ગરમીની દરકાર વિના જાણે જીવનસાધનાને સોપાને—પગ-થિયે—ચઢતો હતો. ભગવાનના શબ્દો યાદ આવ્યા. કૃષ્ણુહૃદયમાં ભાવાવેગ જાગ્યો. પુત્રવાત્સલ્ય અને સાધનાની આસક્તાનો સંગમ થયો. હાથીથી હેઠા ઉતરતાં રાજત્વની અહંતા ભુલી એ પુત્ર–મુનિને ચરણે પડયા. ફરી ફરીને વંદના કરી સાતા પુછી. સાથીદારો આશ્ચર્યમાં મુઢ બની ગયા.

રાજવીના આ વંદને સામેની અટ્ટાલિકામાં ઉભેલા પુરૂષને મુનિની મહત્તા સમજાવી. ઝડપથી દાદરા ટપતો એ નીચે ઉતર્યો. રાજવી ચાલ્યા ગયા હતા

મુનિસમીપ આવી નમન કરી, ગોચરીમાટે આમંત્રણ આપી આગળ થયો. 'ધર્મલાભ' કહી મુનિ ગૃહાંગણે ઉભા. પુરૂષે ભાવપૂર્વક ભિક્ષાપાત્રમાં તાજા નિર્દોષ મોદક ધરી દીધા. નમન કરીને પુરૂષ ઉભો રહ્યો. પુનઃ 'ધર્મલાભ' ઉચ્ચારી મુનિ પાછા ફર્યા.

૪

મુનિહૃદયમાં અનેરો આનંદ થનગનતો હતો. આજે એની કસોટી નિર્દોષપણે પરિપૂર્ણ થતી હતી. એ આનંદ મોદકની સુવાસનો નહિ, પણ જીવનજંગની એક જીતનો શાંતિશ્વાસ હતો. અને છતાંય એ મુનિ વિવેકદષ્ટિને ભુલ્યો ન્હોતો. ક્ષુધાતૃપ્તિમાં એનું માનસ કેન્દ્રસ્થિત ન્હોતું. આનંદને હૃદયમાં સમાવતાં સ્વસ્થવદને ભગવન્ નેમ પાસે વંદનાપૂર્વક ભિક્ષાપાત્ર મુકયું. પ્રસંગનું સ્વરૂપ રજુ કરતાં માર્ગદર્શન માગ્યું.

આવી ગંભીર કસોટીનો આ રીતે અંત આવી જતો જ્ઞાની નેમ ન સાંખી શકયા. ઢંઢણુની શક્તિ માપવા એમણે મીટ માંડી. 'નવી કસોટીએ એ પટકાય એમ તો નથી ને' એ પ્રશ્ન એ મીટમાં ગુંજી રહ્યો. માપ આવી ગયું. યોદ્ધો અજેય હતો. શબ્દો સરી પડયા. ' વત્સ ઢંઢણુ ! મારાં પ્રશંસાકુલોએ રાજવી તને નમ્યા, રાજવીના નમને આહાર આપવા ગૃહસ્થને ઈચ્છા થઇ આમાં કસોટીનો અંત લાગે છે ? "

એ પ્રશ્નમાંજ માર્ગસુચન હતું. એ શબ્દો 'વત્સ' કહી સંબોધનારના હતા. કોઇ જાતનો પછડાટ અનુભવ્યા વગર ઢંઢણમુનિએ ભિક્ષાપાત્ર હસ્તમાં લીધું. પરઠવવા–ઉપયોગહીન વસ્તુને જીવરહિત ભૂમિ પર મુકી દેવા–ચાલી નીકળ્યા. મોદક મળ્યા પછીના નિર્દોષ આનંદમાં આ પ્રસંગને સૂક્ષ્મદષ્ટીએ અવલોકવાનું ચુકાયું હતું. પ્રમાદ–વિવેકદષ્ટિ ચુકવનારો નિર્દોષ આનંદ પણ પ્રમાદ ખટકવા લાગ્યો. શુદ્ધ જમીન જોઈ બેસીને પરઠવવા લાગ્યા. પણ આત્મા ચિંતનમાં ઉંડેને ઉંડે ઉતરી ગયો. જીવનમાં હજુયે રહી જતી એક અપૂર્ણતા–પ્રમાદ, અને તેને પીછાનવાની જ્ઞાનઊણપના એકધારા મંથનમાં સમયનું ભાન ભુલાયું. આંખ બીડાઇ ગઇ. એ મંથને હૃદયગુફાનાં શેષ અંધારાં ઉલેચી નાંખ્યાં. માનવીમાં જ્ઞાનની ઉણપ છે, શક્તિની નહિ. એ જ્ઞાન–કેવળજ્ઞાન–પૂર્ણજ્ઞાન–મુનિ હૃદયમાં ઉગ્યું. એ જ્ઞાનપ્રભા ભરી સ્થિતપ્રજ્ઞરેખાઓ મુનિવદન પર અંકાઇ ગઈ.

આંખ ખુલી. મુનિદેહ સચ્ચિદાનંદનું પ્રતિબિંબ ધરી રહ્યો. અને એ દેહપર નમતા સૂર્યનાં રક્તકિરણો વૃક્ષ–ઓળામાંથી ચળાઇ આલ્હાદક ભાત પાડતાં હતાં.

સ્થુલીભદ્રે વેશ્યામંદિરે કામને જીત્યો. ઢંઢણે ક્રોધ–લાવાને ક્ષુધાને ભડકે બળતાં બળતાં ઠાર્યો. કામસમનમાં મહત્તા જોવા ટેવાઈ ગયેલા માનસે ક્રોધસમનમાં સ્થુલીભદ્રસમ વીરત્વ દાખવનાર ઢંઢણુની ઓળખ આછી રાખી છે એમ નથી લાગતું ?

**વંદન હો. એ સ્થુલીભદ્ર–ઢંઢણુની સમોવડ જોડલીને !**

# चारित्रकी महत्ता।

लेखकः—मुनिश्री अशोकविजयजी महाराज (मुनि संबालालजी)

**जम्मं दुक्खं जरादुक्खं, रोगाणि मरणाणि य।**
**अहो दुक्खो हु संसारो, जत्थ की संति जंतवो॥**

श्रमण भगवान् महावीर संसारकी असारता एवं उसके दुःखस्वरुपको बतलाते हुए उत्तराध्ययनसूत्रमें फरमाते है किः—हे भव्यजीवो! इस असारसंसारमें जन्म लेना भी दुःखकारी है, जरा (वृद्धावस्था) दुःखदायी है, रोग, व्याधि एवं मरण भी जीवको क्लेशान्वित करनेवाले है। अरे! कहांतक संसारके दुःखोका वर्णन किया जाय? यह सम्पूर्ण जगतही दुःखस्वरुप और दुःखोंसे ओतप्रोत है, जिसमें जन्म एवं निधन (मरण) प्राप्तकर जीव नानाविध कष्टोपार्जन करते है। यद्यपि यह सकल चराचरसम जगत् क्लेशोंका आवास स्वरुप ही है, तथापि सुखके सबही इच्छुक है, सुख सबको प्रिय है और दुःख अप्रिय! अर्थात् छोटे, बडे, राजा, रंक, फकीर, अमीर, पशु, पक्षी, आदि सबकी एकमात्र आंतरिकभावना सुखप्राप्ति ही बनी रहती है। तथा वे उसके लिये जीजानसे अनवरत प्रयत्न भी करते रहते है। किंतु सुखके वास्तविक कारणोंकी तथा यथार्थ सुखके रहस्यकी अनभिज्ञतासें सच्चे सुखकी भ्रांतिमें दुःखोत्पादक सुखकीही वास्तविक सुखस्वरुप कल्पना कर बैठते है। वास्तवमें उक्त कल्पना एकान्त भ्रमात्मिकही है उसमें लेशमात्रभी सुख नहीं है।

शास्त्रकारोंने सुखको दो विभागोंमें विभक्त किया हैः—प्रथम पौद्गलिक सुख और द्वितीय आध्यात्मिक सुख। पौद्गलिकसुखका संबंध संसारसे है और उसकी पूर्ति इन्द्रियार्थोपसे बनसे होती है। संसारी जीव इसी पौद्गलिक सुखको वास्तवसुख मान्ते है और उसकी प्राप्ति हेतु विविध कष्टोपार्जनद्वारा अपने अमुल्य नरजीवनरत्नको कोडियोंके मुल्यमें बेच देते है। किन्तु उनका यह प्रयत्न स्तुत्य एवं श्लाघनीय नहीं कहा जा शकता है क्योंकि वे अल्पस्वार्थके वशीभुत बन अत्यधिक एवं आशातीत आत्महानिही उठाते है। वास्तवमें यह सिद्धांत युक्तिसंमत एवं प्रमाणपुष्ट भी है, महाकवियोंके शब्दोंमें यदि एसा कहें कि—"अल्पस्य हेतोर्बहुहातुमिच्छन् विचारमूढःप्रतिभासिमेत्वम्" तो कोई अत्युक्ति न होगी। अर्थात जो व्यक्ति अल्प निमित्तके लिये बहुहानिका अनुभव करता है उसे विचारसून्य ही मानना चाहिये, इसी प्रकार अल्प सुख के कारणस्वरुप

इन विषयोंमें फंस कर जो मनुष्य उत्तम आध्यात्मिकसुखकी हानी उठाता है वह भी विवेकशून्य ही है। इसी बातकी पुष्टि करते हुए श्रमण भगवान् वीरप्रभुने अपने उत्तराध्ययनसूत्रके सातवें अध्यायमें स्पष्टरुपे फरमाया है किः—

**जहा कागिणीए हेउं, सहस्सं हारए नरो।**
**अपच्छं अंबगं भोच्चा, राया रज्जं तु हारह॥**

अर्थात् जो मनुष्य एक काकिनी (दमड़ी, कौड़ी) के वास्ते सहस्रमुद्राओंको खो देवे और जिह्वारसका लोलुपी बनकर जो राजा अपथ्यकारी आम्रफलको आस्वादनद्वारा सम्पूर्ण राज्यलक्ष्मी तथा वैभवको तिलांजलि देकर कालधर्मको प्राप्त करे तो उनके ये सब कृत्य शास्त्रकारोंके शब्दोंमें अविवेककी पराकाष्टाके हि सूचक सिद्ध होते है। जैसे कुशाग्रस्थित नीरबिंदुको समुद्रस्थित उदकराशिके साथ तुलना असंभव है। उसी प्रकार सांसारिक अल्पसुखोके साथ आध्यात्मिक चारित्रसुखकी तुलना भी असंभव है। धर्मके यथार्थ तत्त्वसें अनभिज्ञ जन इन पौद्गलिक सुखसाधनोंको ही वास्तविक सुखसाधन मानते है किन्तु यदि इस विषय पर किंचित् भी गंभीरतापूर्वक मनन किया जाय तो स्पष्ट ज्ञान हो जायगा कि वास्तविक सुखका मूल्य इस बाह्यसुखके अन्तर्गत कदापि सन्निहित नहीं है।

आध्यात्मिकसुखका संबंध आत्मासें है, और आत्माका संबंध चारित्रके साथ है और चारित्रका संबंध भी ज्ञानदर्शनके साथ है। यह एक शास्त्रीयसिद्धान्त स्वरुप आर्षवाक्यही मान लेना चाहिये कि जब तक जीवका संबंध चारित्रके साथ नहीं होता है तब तक आत्मिकसुखकी आशा लेश मात्र भी नहीं रखनी चाहिये। हां, यह बात भी यहां अवश्यही स्मरण रखने योग्य है कि चारित्र भी ज्ञान एवं दर्शन सब उपयोगपूर्वकही होना चाहिये। इनके बिना चारित्र महत्वहीन एवं निःसारसा हो जाता है जैसे प्राणविहीन कलेवर उपेक्षणीय होता है उसी प्रकार उपयोगहीन चारित्रभी नगण्यही है। उपयोगहीन चारित्रकी उतनी ही महत्ता है, जीतनीकी बिना पुत्र हैं के बरात की। उमास्वाति आचार्यने भी अपने तत्त्वार्थाधिगमभाष्यके प्रथमाध्ययनके प्रथमसूत्रमें मोक्षमार्गोंका प्रतिपादन करते हुए बतलाया है कि "सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः' अर्थात् मोक्षमार्ग तीन ही है सम्यग्दर्शन, सम्यक् ज्ञान और सम्यक्चारित्र। चारित्रकी विशेषता ज्ञानदर्शनकेही संबंधसे संबंधित है।

उपयोगपूर्वक आत्मविकासी क्रियामें प्रवृत्तिही चारित्र है। चारित्रही जीवका जीवनसर्वस्व है। यहीं से उसके आत्मकल्याणकी प्रथमावस्था एवं आशा प्रारंभ होती

